If you want to fly, We provide wings...

ICE®

# TRENDING CURRENT

TOPIC 38

## સરકારી નોકરી-બઢતીમાં અનામત



ચર્ચામાં શા માટે ?

સુપ્રીમ કોર્ટના ચૂકાદા વિશે :-

મેન્ડેમસ રિટ :-

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

TOPIC-38નો
વીડિયો જોવા માટે અહીં
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં
CLICK કરો

અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in t.me/icerajkotofficial 9375701110/9328001110

## ચર્ચામાં શા માટે ?

- તાજેતરમાં સુપ્રીમ કોર્ટે ચૂકાદો આપ્યો છે કે સરકારી નોકરીઓમાં બઢતી માટે અનામત એ મૂળભૂત અધિકાર નથી અને રાજ્ય સરકાર નોકરીઓ અને પ્રમોશનમાં અનામત આપવા માટે બંધાયેલી નથી.

## સુપ્રીમ કોર્ટના ચૂકાદા વિશે :-

- સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ એલ. નાગેશ્વર રાવ અને ન્યાયાધીશ હેમંત ગુપ્તાની બેન્ચે જણાવ્યું કે સુપ્રીમ કોર્ટ દ્વારા અગાઉ અપાયેલા ચૂકાદા મુજબ રાજ્ય સરકારને અનામત આપવા માટે ફરજ પાડી શકાય નહીં.
- આ ચૂકાદો ઉત્તરાખંડ સરકારના લોકનિર્માણ મદદનીશ એન્જિનિયરના પદ પર બઢતીમાં અનામત આપવાની બાબતનો છે.
- જેમાં સરકારે અનામત નહીં આપવાનો નિર્ણય કર્યો હતો. જ્યારે હાઈકોર્ટે સરકારને આ કર્મચારીઓને બઢતીમાં અનામત આપવા કહ્યું હતું.
- આથી ઉત્તરાખંડની રાજ્ય સરકારે હાઈકોર્ટના ચૂકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકારતા સુપ્રીમ કોર્ટે ઉત્તરાખંડ હાઈકોર્ટના ચૂકાદાને રદ્દ ઠરાવ્યો હતો.
- સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે બંધારણના અનુચ્છેદ 16-(4) અને 16 (4-A) મુજબ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિને નોકરીમાં બઢતી આપવા માટેનો અધિકાર આપે છે, પરંતુ તેમ કરવું તે રાજ્ય સરકારની વિવેકબુધ્ધિ પર આધાર રાખે છે.
- સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે જો કોઈ રાજ્ય બઢતીમાં અનામત આપવાની ઈચ્છા રાખે છે તો પોતાની વિવેકબુધ્ધિનો ઉપયોગ કરીને રાજ્યમાં જાહેર સેવાઓમાં જે-તે વર્ગ અથવા સમુદાયના પ્રતિનિધિત્વની અયોગ્યતા દર્શાવતો માત્રાત્મક ડેટા એકત્રિત કરવાનો રહેશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- સુપ્રીમ કોર્ટે આ ચૂકાદામાં કહ્યું કે બઢતીમાં અનામત એ મૂળભૂત અધિકાર નથી અને અનુચ્છેદ-16(4) અને 16 (4-A) ના આધારે તેને અનામતના લાભ આપવાની ફરજ પાડી શકાશે નહીં. આથી તેના ઉલ્લંઘન બદલ રાજ્ય સરકારને આ મુદ્દે અનામત આપવાનો કોઈ આદેશ (મેન્ડેમસ રિટ) પણ ન્યાયતંત્ર દ્વારા જારી કરી શકાતો નથી.

## મેન્ડેમસ રિટ :-

- મેન્ડેમસનું ગુજરાતી થાય છે, ‘‘પરમાદેશ’’, જેનો અર્થ થાય છે ‘‘અમે આદેશ કરીએ છીએ’’.
- એટલે કે જયારે જાહેર ક્ષેત્રનો અધિકારી પોતાની ફરજ બજાવવાનો ઈન્કાર કરે ત્યારે તેને ફરજનું પાલન કરવવા માટે કોર્ટ દ્વારા આપવામાં આવતો આદેશ એટલે પરમાદેશ.
- આ રિટનો ઉપયોગ ખાનગી વ્યક્તિ કે સંસ્થા વિરુદ્ધ ન થઈ શકે. તેમજ રાષ્ટ્રપતિ અને રાજ્યપાલ વિરુદ્ધ પણ આ રિટ જારી કરી શકાય નહીં.
- સુપ્રીમ કોર્ટ અનુચ્છેદ-32 હેઠળ અને હાઈકોર્ટ અનુચ્છેદ-226 હેઠળ રિટ્સ ફરમાવવાની સત્તા ધરાવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT